# ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ સીક્યુરીટી ફોર્સ સોસાયટી-અમદાવાદ ખાતે સીક્યુરીટી ગાર્ડની એક્સમેનથી જગ્યા ભરવા માટેની જાહેરાત

સંસ્થામાં ખાલી પડેલ સી.ગાર્ડની જગ્યાઓ તેમજ નવી આવેલ માંગણીઓ ધ્યાનમાં લઇ 4000- સી.ગાર્ડની ભરતી લોકરક્ષક વેઇટીંગ લીસ્ટ અને એક્સમેન દ્વારા ભરવા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં CA No.01/2021 (For Direction) દાખલ કરવામાં આવેલ હતી.જે અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટે તા. 27-07-2021 ના રોજ IA ORDER આપેલ છે.જેમા ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ સીક્યુરીટી ફોર્સ સોસાયટી,ગુ.રા.અમદાવાદ ખાતે સીક્યુરીટી ગાર્ડની ખાલી જગ્યાઓ ભરવા માટે મંજુરી આપતા 4000 જગ્યાઓ પૈકી 2000- સી.ગાર્ડની જગ્યાઓ એક્સમેનથી ભરવા નકકી કરવામાં આવેલ આ રીતે એક્સમેનથી ભરવા માટે નકકી થતા નિવૃત ભૂમિદળ/ નૌકાદળ / હવાઇદળ / CRPF /BSF / CISF / SSB / ITBP જેવા,પોલીસ / SRP /હોમગાર્ડઝ માંથી નિવૃત થયેલ/ રાજીનામુ આપેલ હોય તેવા પોલીસ કોન્સ્ટેબલ/ હેડ કોન્સ્ટેબલ/ ASI અને તેની સમકક્ષ હોદ્દો ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ ઓનલાઇન મંગાવવામાં આવેલ હતી.પરંતુ જે ઉમેદવારોએ એક્સમેન સી.ગાર્ડ માટે ઓનલાઇન ફોર્મ ભરવામાં આવેલ હતાં.તેઓને દસ્તાવેજોની ચકાસણી માટે બોલાવતા જરૂરિયાત પ્રમાણે એક્સમેન સી.ગાર્ડ મળી આવેલ ન હતાં અને પસંદગી કરવામાં આવેલ ઉમેદવાર પૈકી ફક્ત 680 ઉમેદવારો ઉપલબ્ધ થતા તેઓને નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉકત હુકમ મુજબ સીક્યુરીટી ગાર્ડ તરીકે નિમણુંક આપવામાં આવેલ છે.અને સંસ્થાને જરૂરિયાત પ્રમાણે 2000- પૈકી 680- ઉમેદવારો ઉપલબ્ધ થયેલ હોય પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થતા બાકી જરૂરિયાત 1320- એક્સમેન ગાર્ડની જરૂરિયાત રહે છે.અગાઉ ગત વર્ષે દૈનિક વર્તમાન પત્રમાં તા. 27-08-2021 ના રોજ આપવામાં આવેલ જાહેરાતના અનુસંધાને હવે નવી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવનાર છે.

સીક્યુરીટી ગાર્ડ એક્સમેનની ભરતી અંગેની તમામ સૂચનાઓ <u>તા. 01-08-2022</u> ના રોજ <u>https://ojas.gujarat.gov.in</u> વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવનાર છે.આ તમામ સૂચનાઓ કાળજીપુર્વક વાંચી નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરિપુર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ તા. 01-08-2022 (બપોર કલાક 13:00) થી તા. 15-08-2022 (રાત્રીના કલાક 11:59 સુધી) દરમ્યાન <u>https://ojas.gujarat.gov.in</u> જઇ એક્સમેન સીક્યુરીટી ગાર્ડની ભરતીની જાહેરાતના પેઇજ ઉપર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

GISFS માં ભરતી બાબતના R/SCA No. 13127/2021 તથા તેની સાથે સામેલ

R/SCA No.14281/2021 નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પેન્ડીગ છે. જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ તરફથી વખતોવખત જે ચુકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારને બંધનકર્તા રહેશે.

સ્થળ : અમદાવાદ
તારીખ: 30-07-2022

R.D. Baranda
(આર. ડી. બરંડા)
મુખ્ય કારોબારી અધિકારી
GISFS-ગુ. રા. અમદાવાદ

# અરજીનો નમુનો

| પાસફોર્ટ સાઇઝનો ફોટો ચોટાડવો |
|---|

(1) ઉમેદવારનુ પુરૂ નામ :-______________________________

(અટક પહેલા લખવી)

(2) જન્મ તારીખ :-______________

(3) માતાનુ નામ :- ______________________________

(4) જેન્ડર (પુરૂષ/સ્ત્રી) :- ______________

(5) જાતિ (SC /ST /SEBC / EWS) :- ______________

(6) હાલના રહેઠાણનું સરનામુ :-

______________________________

(જીલ્લા/શહેર તથા પીનકોડ લખવી) :-

______________________________

:-

______________________________

(7) કાયમી/વતનનુ સરનામુ :-

______________________________

(જીલ્લા/શહેર તથા પીનકોડ લખવી)

______________________________

:-

______________________________

(8) ઉમેદવારનો મોબાઇલ નંબર :- ______________

(9) જે તે ફોર્સમાં નિમણુંક થયેલ હોય તે તારીખ થતા ફોર્સનુ નામ:-

______________

(A) ભૂમિદળ (B) નૌકાદળ (C) હવાઇદળ (D) CRPF (E)BSF (F) CISF

(G) SSB (H) ITBP (I) પોલીસ (J) SRP (K)હોમગાર્ડઝ

(10) નિવૃતિ / રાજીનામાની તારીખ :-______________

(11) નિવૃતિ /રાજીનામા સમયનો હોદો :-

______________________________

(12) હથિયાર લાયસન્સ ધરાવતા હોય તો તેની વિગત:-

______________________________

(13) હથિયાર લાયસન્સ રીન્યુ વિગત :-

______________________________

(14) હથિયાર લાયસન્સના હદ/ વિસ્તારની માહિતી :-

______________________________

(જીલ્લા/ રાજ્ય/ અન્ય)

--2/--

(15) ક્યા પ્રકારનુ હથિયાર ધરાવે છે. તેની વિગત :-

(A) બાર બોર ડબલ બેરલ

(B) બાર બોર સીંગલ બેરલ

(C) શોર્ટગન

(D) અન્ય

(16) નિમણુંક માટે પસંદગીના પાંચ જીલ્લા :-(અગ્રતા ક્રમ પ્રમાણે લખવા)

(1)______________

(2)______________

(3)______________

(4)______________

(5)______________

તારીખ :- ______________

સ્થળ : - ______________

______________________
ઉમેદવારની સહી

# <u>સીકયુરીટી ગાર્ડ એક્સમેનની ભરતી બાબતની સૂચનાઓ</u>

ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ સીકયુરીટી ફોર્સ સોસાયટી, ગુ.રા.અમદાવાદ ખાતે સીકયુરીટી ગાર્ડ એક્સમેનની_1320 ખાલી જગ્યાઓ ભરવા માટે નિવૃત ભૂમિદળ/નૌકાદળ / હવાઇદળ / CRPF/BSF /CISF / SSB / ITBP જેવા/ પોલીસ / SRP /હોમગાર્ડઝ/ નિવૃત/ રાજીનામુ આપેલ હોય તેવા પોલીસ કોન્સ્ટેબલ/હેડ કોન્સ્ટેબલ/ASI અને તેની સમકક્ષ હોદ્દો ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.

સીકયુરીટી ગાર્ડ એક્સમેનની ભરતી અંગેની તમામ સૂચનાઓ તા. **01-08-2022**ના રોજ https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવનાર છે.આ તમામ સૂચનાઓ કાળજીપુર્વક વાંચી નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરિપુર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ તા. 01-08-2022 (બપોર કલાક 13:00) થી તા. 15-08-2022 (રાત્રીના કલાક 11:59 સુધી) દરમ્યાન https://ojas.gujarat.gov.in જઇ એક્સમેન સીકયુરીટી ગાર્ડની ભરતીની જાહેરાતના પેઇજ ઉપર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

2. ઉમેદવારે સ્વયં અથવા ઇન્ટરનેટ જાણકારની મદદથી પોતાનો રંગીન પાસપોર્ટ સાઇઝના ફોટાની ઇમેજ 15 KB અને સીગ્નેચરની ઇમેજ 15 KB સાઇઝથી વધે નહી તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

3. આ ભરતી માટે કુલ 1320 સીકયુરીટી ગાર્ડ એક્સમેનની જગ્યાઓ ભરવામાં આવનાર છે.આ જગ્યાઓ ગુજરાતમાં આવેલ GISFS સલામતીના પોઇન્ટો માટેની રહેશે.શક્ય હશે ત્યાં સુધી પસંદગીના જીલ્લામાં નિમણુંક આપવાની અગ્રતા આપવામાં આવશે.પરંતુ જગ્યા ખાલી ન હોવાના સંજોગોમાં રાજ્યના કોઇપણ જીલ્લામાં નિમણુંક આપવામાં આવશે.

4. હોમગાર્ડના ઉમેદવારોએ પોતાનુ આઇકાર્ડ અસલમાં રજુ કરવાનુ રહેશે.અસલમાં ન હોય તો તેની ઝેરોક્ષ રજુ કરવાની રહેશે.હોમગાર્ડઝમાંથી નિવૃત થયેલ હોય અથવા હોમગાર્ડમાંથી રાજીનામુ આપવામાં આવેલ હોય તો સંબંધિત જીલ્લાના હોમગાર્ડઝના કમાન્ડન્ટની સહીવાળો પત્ર/પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

5. જે ઉમેદવારનુ તા. 15-08-2022 સુધીમાં રાજીનામુ મંજુર કરવામાં આવેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે.ત્યાર પછીની તારીખમાં આપેલ કે મંજુર થયેલ રાજીનામુ માન્ય રાખવામાં આવશે નહી.ફક્ત એક્સમેન માટેની ભરતી હોવાથી નિવૃત થયેલ કે રાજીનામુ આપેલ હોય તેવા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.

6. હોમગાર્ડના ઉમેદવારોએ રજુ કરેલ દસ્તાવેજો પ્રથમ દષ્ટિએ યોગ્ય જણાયેથી તેમના દસ્તાવેજો સંબંધિત કમાન્ડન્ટશ્રી પાસે વેરીફીકેશન કરાવ્યા બાદ મેડીકલમાં મોકલવા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

7. અગાઉ તા. 26-08-2021 ના રોજ આપવામાં આવેલ જાહેરાતના અનુસંધાને એક્સમેન ઉમેદવારને 03- વર્ષનો પુરતો અનુભવ ન હોવાથી નિયત તારીખ સુધીમાં રાજીનામુ મંજુર થયાનો હુકમ રજુ કરેલ ન હોય,પરેડ/ફરજમાં બેદરકારી કે અનિયમિતતાના કારણે છુટા કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં જે ઉમેદવારોને અયોગ્ય ઠેરવવામાં આવેલ હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહી.પરંતુ આવનાર જાહેરાતના અનુસંધાને તા. 15-08-2022 સુધી રાજીનામુ/ નિવૃત થયેલ તેવા તમામ ઉમેદવારો અરજી કરી શકશે.

8. સી.ગાર્ડમાં નિમણુંક મળ્યા બાદ શંકાસ્પદ જણાયેલ કિસ્સાઓમાં દસ્તાવેજોનુ વેરીફીકેશન કરાવવામાં આવશે.તેમા કોઇ ગેરરીતિ જણાય આવશે તો તેઓને કોઇપણ જાતની નોટીસ કે સ્પષ્ટતાની તક આપ્યા સિવાય GISFS માંથી ફરજ મુક્ત કરવામાં આવશે

9. <u>વયમર્યાદા</u> :- ઉમેદવારની ઉમર તા. 15-08-2022 ના રોજ મહત્તમ 63વર્ષથી વધુ ન હોવી જોઇએ.

10. પસંદગી પામેલ ઉમેદવારે નિમણુંક હુકમ મળ્યેથી દિન–05 માં નિમણુંકના સ્થળે હાજર થવાનુ રહેશે.પસંદગી પામેલ ઉમેદવારે નિમણુંક હુકમ મળ્યેથી પોલીસ વેરીફીકેશનનુ પ્રમાણપત્ર તથા સરકારી હોસ્પિટલનુ શારિરીક ફીટનેસનુ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

11. પસંદગી પામેલ ઉમેદવારને GISFS સંસ્થા તરફથી યુનિફોર્મ તથા તેને લગતા આર્ટીકલ્સ પુરા પાડવામાં આવશે.જેની ડીપોઝીટ પેટે રૂ. 1000/- સંસ્થાની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે.જે ડીપોઝીટ રકમ નિવૃતિ/ રાજીનામા સમયે પરત કરવામાં આવશે.

12. ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેમજ તેમની ઉમેદવારી પણ રદ કરવામાં આવશે.

13. જાહેરાત કોઇપણ કારણોસર રદ/ ફેરફારની કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો GISFS સંસ્થાનો સંપુર્ણ હક્ક અને અધિકાર રહેશે.સંસ્થા આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

14. એક ઉમેદવાર એક અરજી (No Multiple Application)

એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે.તેમ છતાં એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં સર્વ રીતે યોગ્ય રીતે ભરેલ અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય ગણાશે.તે સિવાયની બધી અરજીઓ

રદ થશે.

15. ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે તે નંબર ચાલુ રાખવો. ભવિષ્યમાં સંસ્થા તરફથી આ ભરતી પ્રક્રિયાને સંબંધિત સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS થી મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહી.

16. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.
(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે. જે સંપુર્ણ નથી)
- (a) ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.
- (b) અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હોય.
- (c) અરજીમાં ઉમેદવારે સહી કે રંગીન પાસપોર્ટ સાઇઝનો સૂચવેલ ફોર્મેટમાં ફોટો અપલોડ કરેલ ન હોય.
- (d) અરજી ફેક્સથી, ઇમેઇલથી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય કે રૂબરૂ આપેલ હોય.

17. **વેરીફીકેશન સમયે રજુ કરવાના દસ્તાવેજો :-**

1. સરકારશ્રી દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ જાતિ અંગેનુ પ્રમાણપત્ર.
2. જન્મના પુરાવા તરીકે ...(કોઇપણ એક)
   - (A) શાળા છોડયાનુ પ્રમાણપત્રની નકલ.
   - (B) જન્મ નોંધણી દાખલાની નકલ.(જ્યા જન્મની નોંધણી કરાવેલ હોય તેનુ પ્રમાણપત્ર)
3. જે તે દળમાંથી નિવૃત થયા/ રાજીનામુ આપ્યુ હોય તેના હુકમની નકલ.
4. પેન્શન મંજુર થયાના પેન્શનબુકની નકલ/ડીસ્ચાર્જ બુકની નકલ.
5. હથિયાર લાયસન્સ ધરાવતા હોય તેની નકલ.
6. અરજીમાં ફોટા સાથે જે ઓળખપત્ર નંબર દર્શાવેલ હોય તે ફોટા સાથેના ઓળખપત્રની નકલ.
7. ઉક્ત તમામ દસ્તાવેજોના અસલ તથા સ્વ-પ્રમાણિત નકલ.
8. અરજીઓની ચકાસણી પુરી થયા બાદ ઉમેદવારોને શૈક્ષણિક તથા અન્ય પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવામાં આવશે. જેમાં ઉક્ત તમામ પ્રમાણપત્રો અસલ તથા નકલના 02-સેટ સાથે રાખીને હાજર રહેવાનુ રહેશે.
9. ઉમેદવારને દસ્તાવેજોની ચકાસણી માટે બોલાવવામાં આવેલ તારીખ અને સમયે જ હાજર રહેવુ. નિયત તારીખ/સમય સિવાય આવનાર ઉમેદવારના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે નહી.

18. <u>પગાર ધોરણ</u> :-

એક્સમેન ગાર્ડને એકસમેનની ખાલી જગ્યા ઉપર મુકવામાં આવે તો કુલ પગાર રૂ. 14,329.80 અને એક્સમેન ગાર્ડને સાદા ગાર્ડની જગ્યા ઉપર મુકવામાં આવે તો રૂ. 12,030/- મળવાપાત્ર રહેશે. હથિયાર લાયસન્સ અને હથિયાર ધરાવતા એક્સમેન ગાર્ડને ગનમેનની જગ્યા ઉપર મુકવામાં આવે તો રૂ. 15,816.40 મળવાપાત્ર રહે છે. તદઉપરાંત EDLI તથા ગુમાસ્તાધારા મુજબ મળવાપાત લાભો મળશે. ઉપર પૈકી જે જગ્યા ખાલી હશે ત્યાં નિમણુંક આપવામાં આવશે અને તે મુજબ પગાર મળવાપાત્ર રહેશે.

એક્સમેનની જગ્યા ખાલી હશે ત્યાં સુધી એક્સમેન તરીકે નિમણુંક આપવામાં આવશે. એક્સમેનની જગ્યા ખાલી નહી હોય તો સાદા ગાર્ડ તરીકે નિમણુંક આપવામાં આવશે.

14. અગાઉ જે એકસમેનોએ GISFS ની કચેરીમાં રૂબરૂમાં અરજી આપેલ હોય અથવા પોસ્ટથી મોકલાવેલ હોય અથવા ફેક્સ કે ઇમેલથી મોકલાવેલ હોય તેવા ઉમેદવારોએ પણ ફરજીયાત ઓનલાઇન અરજી કરવાની રહેશે.

15. <u>અરજી પત્રક ભરવા માટેની સુચનાઓ</u> :-

(15.1) તમામ જગ્યા માટે ફક્ત ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.inવેબસાઇટ ઉપરથી કરી શકાશે. જ્યા ઇન્ટરનેટ સુવિધા (સ્કેનર અને પ્રિન્ટર સાથે)ઉપલબ્ધ હોય તેવા કોઇપણ સ્થળે સાયબર કાફે અથવા ઇ–ગ્રામ પંચાયતમાં અથવા પોતાના રહેઠાણ / ઓફિસમાંથી ઉમેદવારો ઓનલાઇન અરજી કરી શકશે.

(15.2) લાયકાતો ધરાવતા ઉમેદવારોએ સીક્યુરીટી ગાર્ડ એક્સમેનની જગ્યા માટે એક જ અરજી પત્રક ભરવાનુ રહેશે.

(15.3) અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પુરાવા રાખવા. જેથી તેના આધારે સાચી માહિતી અરજીમાં ભરી શકાય.

(15.4) ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે સંસ્થા તરફથી માંગવામાં આવે ત્યારે તે રજુ કરવાની રહેશે.

<u>ખાસ નોંધ</u>

(A) ખાલી જગ્યાઓની સંખ્યામાં ફેરફાર જરૂરી બનશે તો તે કરવાનો સંપુર્ણ હક્ક GISFS સંસ્થાનો રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે.

(B) GISFS માં ભરતી બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં R/SCA No. 13127/2021 તથા તેની સાથે સામેલ R/SCA No.14281/2021 પેન્ડીગ છે. જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ તરફથી વખતોવખત જે ચુકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(C) પસંદ થનાર તમામ ઉમેદવારોની નિમણુંક પ્રવર્તમાન નિયમોને અનુલક્ષીને કરવામાં આવશે. તે તમામ જોગવાઇઓ ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(D) તમામ ઉમેદવારોએ શારિરીક યોગ્યતા અને સારા ચરિત્ર અંગેની જોગવાઇઓ પરિપુર્ણ કરવાની રહેશે.

(E) GISFS ની નિવૃતિ વય મર્યાદા 65- વર્ષની છે. જેથી એકસમેન તરીકે તા. 15-08-2022 ના રોજ ઓછામાં ઓછી વય 21 વર્ષ અને વધુમાં વધુ વય 63- વર્ષથી વધવી જોઇએ નહી, અને તા. 15-08-2022 ના રોજ 63- વર્ષથી વધુ વય ધરાવતા ઉમેદવારની અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

**(F)** <u>**સલામતી રક્ષકો માટેના શારીરિક યોગ્યતાના માપદંડો**</u>

નીચે દર્શાવેલ શારીરિક યોગ્યતા ધરાવતા ઉમેદવારો સલામતી રક્ષક તરીકે પસંદગી કરવા માટે પાત્ર ઠરશે.

(1) જોવાની શક્તિ :– સુધારા સહિત કે તે સિવાય દુરનુ જોવાની શકિત 6/6 નજીકનુ જોવાની 0.6/06 , રંગ પારખવાની ખામી ન હોવી જોઇએ અને સલામતી સાધનો ઉપર દર્શાવેલ રંગભેદ પારખવા તેમજ ઓળખવાના
અને તે અંગેના મુળાક્ષરો અને અરેબિક આંકડાઓ સમજવાની ક્ષમતા હોવી જોઇએ.

(2) વાંકા ઢીચણ તેમજ સપાટ પગનો ન હોવો જોઇએ અને 06- મીનીટમાં એક કિલોમીટર ચાલવા સક્ષમ હોવી જોઇએ.

(3) શ્રવણ શકિત :– ખામી ન હોવી જોઇએ, સાંભળવા માટે સક્ષમ હોવો જોઇએ અને બોલાયેલ શબ્દો અને સલામતી સાધનો દ્વારા અપાતી ચેતવણી સાથે પ્રતિક્રિયા આપવા સજ્જ હોવો જોઇએ.

(4) ઉમેદવાર પાસે તપાસ કરવા સાધનોનો ઉપયોગ અને પ્રસંગ પડે વ્યકિતઓને રોકવા બળપ્રયોગ કરવાનુ કૌશલ્ય અને શકિત હોવી જોઇએ.

(5) ઉમેદવાર કોઇ ચેપ કે સંસર્ગ જન્યરોગના ચિન્હોથી મુકત હોવો જોઇએ. તે કોઇ એવા રોગથી પીડીતો ન હોવી જોઇએ કે જે નોકરીના લીધે તે વકરી જાય અને તેને ફરજ માટે અયોગ્ય જાહેર ઠરાવે અથવા જાહેર તંદુરસ્તીને જોખમમાં મુકે.

(6) આ ઉપરાંત સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવવા માટે સક્ષમ છે કે કેમ ? તે અંગે શારિરીક ચકાસણી કરી સ્પષ્ટ અભિપ્રાય આપવા વિનંતી છે.

અ.નં. 1 થી 5 માં દર્શાવેલ શારિરીક યોગ્યતાના માપદંડ બાબતે જરૂરી તબીબી પરિક્ષણમાં પાસ થવાનું રહેશે.

(G) ઉમેદવારોએ અમલમાં હોય તેવા સંસ્થાના નિયમો મુજબ તાલીમ મેળવવાની રહેશે.

(H) ધારાધોરણ મુજબ એક્સ સર્વિસમેનની પરિભાષામાં આવતુ હોય તેમજ ગુજરાત રાજ્યની સંબંધિત જીલ્લા સૈનિક જીલ્લા કચેરીઓ તરફથી એક્સ સર્વિસમેનના ઓળખપત્ર ઇશ્યુ થયા હોય અને જેઓ એકસ સર્વિસમેનનુ પેન્શન મેળવતા હોય તેઓને જ માજી સૈનિક તરીકે ગણવામાં આવશે.

(I) દસ્તાવેજો વેરીફીકેશન / ચકાસણી માટેની તારીખ અને સમયની જાણ www.gisfs.org વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

(આર.ડી. બરંડા)
મુખ્ય કારોબારી અધિકારી
GISFS-ગુ.રા. અમદાવાદ

સ્થળ : ગાંધીનગર
તા. 30-07-2022